# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કોઇ બેહોશને ન દેખાય, ભટકાય સર્કલે!
ને વાહન બેફામ ગતિમાં, પલટાય સર્કલે!
રાજકારણ સર્કલે અટવાય અનેક પ્રશ્નો -
કોઇ અન્યાય સામે લડવા અથડાય સર્કલે..
(નગર ના 'ચક્કર'માં)

## હાઇકુ

થાય બળુંકું
ને ભરે વળચકાં -
શેરી કૂતરૂં..
(સાંઘાણીને પડકાર ન ઝીલ્યો)

બેઠી પનોતી,
કોંગ્રેસ ને નડશે -
રાહુ(લ) ગ્રહ!?
(પક્ષમાં વિવાદ)

## ચિંતન

**પરિત્યજેયં ત્રૈલોક્યં રાજ્યં દેવેષુ વા પુનઃ ।**
**ન તુ અહમ્ સત્યમ્ ઉત્સૃષ્ટં વ્યવસેયં કથંચન ॥**

'હું કયારેય પણ કોઇના ગમે તેવા પ્રયત્ન હોય છતાં, હું સત્યને વળગીને જ રહીશ અર્થાત સત્યને છોડવાનો કોઇ જ પ્રયત્ન કરીશ નહીં, પછી ભલે ને એના બદલામાં મને ત્રણ લોકનું રાજય છોડવાનું કેમ ન પડે! અર્થાત ત્રણે લોકનું રાજય છોડવું પડે તેમ હોય તો તે છોડીને પણ હું સત્યાશ્રય નહીં જ છોડું.'

આજકાલના નેતા-અધિકારી-મિત્રો ગમે તેવાં વચન આપ્યાં હોય, ચૂંટણી પછી બધું જ ભૂલાઇ જાય એમાં 'યુ-ટર્ન' આવી જાય છે.

આજકાલ 'ગઠબંધન' કહેવામાં આવે છે. એ જરૂરિયાત પ્રમાણેનાં ઠગબંધન છે. મુલાયમ સાથે મૈત્રી કેળવી મમતા એ 'રાષ્ટ્રપતિ' ના વિકલ્પો જાહેર કર્યા પણ યુપીએ સરકાર કે સોનિયા ગાંધી એ તેની સાથે 'નાણાપ્રધાન પદ' કે તેની પુત્રવધુ માટે પ્રધાનપદની જાળ પાથરી દીધી કે તરત મુલાયમસિંહ કુળ-સંસ્કાર-જાતિ અભિમાનની દરકાર કર્યા વિના ગૂંલાટ મારી, મમતાનો વિશ્વાસઘાત કરી, ફરી યુપીએના ઉમેદવારને ટેકો જાહેર કરી દીધો, એમાં એમને જરા પણ સંકોચ કે નાલેશીનો નખમાત્ર પણ અનુભવ ન થયો.

નેતાઓ વાત વાતમાં નિવેદન પાછાં ખેંચે છે, અથવા ફેરવી તોળે 'હું આવું બોલ્યો જ નથી.'

## સુવિચાર

- અન્યાયથી મેળવેલું ધન દસ વર્ષ ટકે પછી બધું જ નષ્ટ થઇ જાય છે - **વિદુરજી**
- ઇશ્વર બેવકૂફ લોકોને ધન તો આપી દે છે, પણ પછી એના સિવાય કંઇ જ નથી આપતો - **લ્યૂથર**
- જેમાં આંશુ, નિસાસા, શાપ ચોંટેલાં છે, એવાં ઐશ્વર્યથી હે પ્રભુ મને દૂર રાખ, આવાં ધન કરતાં તો નિર્ધનતા સારી - **ક્રિશ્ચયન સ્કાઇવર**
- હજારો ગુણ પ્રાપ્ત કરવા સહેલાં છે પણ એક દોષ દૂર કરવો કઠિન છે - **બ્રૂયર**
- માનવીનો સૌથી મોટો-સાચો મિત્ર 'વિવેક' છે - **એસ. ભટાચાર્ય**
- સંસારમાં સૌથી મોટો નિર્ધન એ છે જેની પાસે ધન સિવાય બીજું કશું જ નથી- **કાર્લાઇલ**
- ધનની સૌથી મોટી લાક્ષણિકતા એ છે કે માનવી જેવો ધનવાન થાય છે કે તે બદલાઇ જાય છે - **રામકૃષ્ણ પરમહંસ**

## બોધ કથા

ઇશ્વર પાસે આપણે આપણાં સ્વાર્થ માટે ગમે તેવી, ભૌતિક સુખ, માન-સન્માન કે તુચ્છ, બદઇરાદાવાળી માગણીઓ 'પ્રાર્થના' નામે ઉઘરાણી કરતા રહીએ છીએ પણ ઇશ્વર તો જે સમયે જે જરૂરનું હોય, ત્યારે અને આપવા જેવું હોય તો જ આપે, એનાં 'છીનવી' લેવાં પાછળ પણ એનો ઇરાદો તો શુભ જ હોય છે.

એક દોડવીરને દોડ માટે અનેક માન-અકરામ-ચંદ્રકો-શિલ્ડ વગેરે મળેલાં, આ વખતે તેની 'વિદેશ' માં પસંદગી થઇ અને ત્યાંથી ચંદ્રક લાવવાની એની મહેચ્છા હતી. દૂર ટેકરી પર આવેલાં એક મંદિર પર તે દોડતો-દોડતો જતો પ્રેકટીસ પણ થઇ જતી અને ઇશ્વરને પ્રાર્થના પણ કરી લેતો. 'મને ચંદ્રક મળવો જ જોઇએ.'

એક વરસાદી સાંજે જયારે ટેકરી પરથી ઉતરતો હતો ત્યારે પગ લપસ્યો, ખરાબ રીતે ભાંગી ગયો, કપાવવો પડ્યો. બધા પ્રકારના ટેસ્ટ કરાવ્યા ત્યારે ખબર પડી તેનું હ્રદય વિકસતું હતું. નબળું પડી ગયું હતું. તેને હાલચાલની સખત 'બંધી' આપવાની હતી. બિલકુલ 'બેડ રેસ્ટ..'

ઇશ્વરે એનો 'પગ' ન છીનવી લીધો હોત તો એ વિદેશની દોડ સ્પર્ધામાં જ દોડતાં દોડતાં ઢળી પડ્યો હોત!

પગ છીનવી જીવન આપી દીધું.

# ખૈર, તુમને જો કિયા અચ્છા કિયા

## કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

ગઝલોનો - શબ્દોની કાયનાતોનો પોતાને એક મિજાજ હોય છે. રંગ હોય છે. હંમેશાં અડીને વહી જતાં ઝોકા જેમ... થંભી ગયેલી દિલની બે ધડકનો વચ્ચે... શ્વાસ પૂરી જાય છે. એવાં જ કેટલાંય વાચનયાત્રામાં મળેલા ને ગમેલા ટુકડા...

ઐસા કુછ ભી નહીં જિંદગી મે કિ હર જાનેવાલી
અર્થી પર રોયા જાયે
કાંટો બીચ ઉગી ડાલી પર કલ
જાગી તી જો કોમલ ચિંગારી,
વો કબ ઊગી ખિલી કબ મુરઝાઇ
યાદ ન યે રખ પાઇ ફૂલવાડી,
ઓ સમાધિ પર ધૂપ ધૂઆ સુલગાને વાલે સુન
એસા કુછ ભી નહી રૂપ ભી જોં કિ સારા યુગ ખંડહરો મે ખોયા જાયે...
સૂરજ કી સોનિલ શહતીરોંને
સાથ દિયા કબ અંધી આંખો કા,
જબ અંગુલિયા હી બેદમ હો તો
દોષ ભલા ફિર કયા સુરાખોં કા
અપની કમજોરી કો કિસ્મત ઠહરાને વાલે સુને!
એસા કુછ ભી નહીં કલ્પના મેં કિ ભૂખે રહકર ફૂલો પર સોયા જાયે.

**- કૈલાસ વાજયેપી**

કૈફી આઝમી લખે છે,
શોર પરિન્દોને યૂ હી ન મચાયા હોગા।
કોઇ જંગલ કી તરફ શહર સે આયા હોગા।
પેડ કે કાટને વાલો કો યે માલૂમ તો થા
જિસ્મ જલ જાયેગે, જબ સર પે ન સાયા હોગા।
બીજી એક ગઝળમાં,
એ સબા! લૌટ કે કિસ શહર સે તૂ આતી હૈ
તેરી હર લહર સે બારૂદ કી બૂ આતી હૈ
અને બારૂદની એ જ બૂ સાથે જ બીજી એક રચનામાં કૈફી સા'બ લખે છે...
મૈં ઢૂંઢતા હું જિસે વો જહાં નહી મિલતા
નઇ જમીં નયા આસમાં નહીં મિલતા
નઇ જમીં નયા આસમાં ભી મિલ જાયે
નયે બશર કા કુછ નિશોં નહી મિલતા.
કવિ નીરજની એક રચના... જયારે આશાઓ વિખેરાઇ જાય છે...
જબ ભી ઇસ શહર મેં કમરે સે બાહર નીકલા
મેરે સ્વાગત મેં, હર એક જેબ સે ખંજર નીકલા
તિતલિયોં ફૂલો કો લગથા થા જહાં પર મેળા
પ્યાર કા ગાંવ વો બારૂદ કા દફ્તર નિકલા
ફૂલ કર જિસ મેં ઉબર પાયા ન મૈં જીવન ભર
એક આંસુ કા વો કતરાં તો સમંદર નીકલા
તો શબ્દોની વેધકતા પર અહમદ ફરાઝ સા'બ લખે છે...
દિલ કે રિશ્તોં કી નજાકત વો કયા જાને "ફરાઝ"
નર્મ લફ્ઝો સે ભી લગ જાતી હૈ ચોટે અક્સર
અને એ જ રીતે જસ્બાતોને આકાર આપતા જા નિસાર અખ્તરમાં લબ્ઝ
એ દર્દ - એ - ઇશ્ક તુજ એ મુકરને લગા હૂં મૈં
મુઝ કો સંભાલ હદ સે ગુઝરને લગા હૂં મૈં
અને દિલ્હીની ગલીઓમાં ઘૂમતા લખે છે
દિલ્હી! કહાં ગઇ તેરે કૂચો કી રૌંનકે
ગલિયોં સે સર ઝુકા કે ગુજરને લગા હૂં મૈં.
તો તેમના જ દીકરા જાવેદ અખ્તર લખે છે...
કયો કરે જિન્દગી મેં કયા હોગા।
હસતી આંખો મેં ઝાંક કર દેખો
કોઇ આંસૂ કહી છૂપા હોગા।
તેમની જ બીજી એક રચનામાં તે કહે છે,
આજ મૈંને અપના ફિર સૌદા કિયા।
ઔર ફિર સે મૈં દૂર સે દેખા કિયા।
જિન્દગી ભર મેરે કામ આયે અસૂલ
એક એક કરકે મૈં ઉન્હે બેચા કિયા।
કુછ કભી અપની વફાઓ મેં ભી થી
તુમ સે કયા કહતે, કી તુમને કયા કિયા।
હો ગઇ થી દિલ કો કુછ ઉમ્મીદ સી
ખૈર તુમને જો કિયા અચ્છા કિયા।

ખૂનમાં ઓગળતા જસ્બાતોની જુબાન એટલે ગઝલ... પોતાના રંગો વિખેરતી... અલ્ફાઝોનાં વરસાદી ગરમી ઓગાળતી... બલખાતી... શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચે... આરંભ અને અંતની વચ્ચે... લખનારની નસોમાં અને અંતની વચ્ચે... લખનારની નસોમાંથી સફેદ કાગળો પર સરક્યા કરતી... આઇનાનાં ટુકડાઓમાં હસ્યા કરતી... બરફની સપાટી પર દોડતાં લાવારસ જેવી... ગઝલ... જેવું વિવેચન ના હોય કે સમજૂતી ના હોય... અને એટલે જ કોફી હાઉસમાં લહેરાતી ગઝલની મૌસમમાં હવામાન ખાતાનાં અનુમાન નથી હોતા... ખૈર તુમને જો કિયા અચ્છા કિયા!

- ch9723367947@yahoo.com

# કોઇ પણ પ્રકારની પ્રસિધ્ધિ કીર્તિની અપેક્ષા રાખ્યા વિના સમાજહિતનાં કાર્યો કરનારા અમરત્વ પ્રાપ્ત કરે છે, જાણ્યે-અજાણ્યે લોકહૃદયમાં તેઓ સ્થાન મેળવી લે છે

## નિષ્કામ સમાજસેવાના સાધકોનું ભાવજગત

- હર્ષદ પ્ર. શાહ

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં નિષ્કામ કર્મનું પ્રબોધન કર્યું છે. કર્મફળની ઈચ્છા રાખી કર્મ કરનારા મનુષ્યો ભૌતિક સુખ અને સીમિત આનંદ પ્રાપ્ત કરી શકે છે, પરંતુ કર્મફળની ઈચ્છા રાખ્યા વિના કર્મ કરનારા મનુષ્યો આધિભૌતિક સુખ અને અસીમિત આનંદ પ્રાપ્ત કરી શકે છે. પહેલાં પ્રકારના મનુષ્યોનાં સઘળાં કર્મોનું કેન્દ્ર 'સ્વ' હોય છે, બીજા પ્રકારના સઘળાં મનુષ્યોનાં સઘળાં કર્મોનું કેન્દ્ર 'સર્વ' હોય છે. એક 'સ્વ' નો સાધક, બીજો 'સર્વ' નો સાધક. 'સ્વ' ની સાધનામાં સ્વાર્થ અને 'સર્વ' ની સાધનામાં પરમાર્થ સમાયેલો હોય છે. અનેકોમાં સુખમાં સુખ જોવાની કામનામાં જયારે નિરપેક્ષ... નિષ્કામ ભાવ ભળે ત્યારે સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય છે.

જે લોકો 'હું' ને ઓગાળી સમષ્ટિ સાથે એકાત્મભાવ સાધી શકે છે, જેઓ સમગ્ર સમાજને પોતાનું કુટુંબ બનાવી શકે છે એવી વ્યાપક દૃષ્ટિવાળા મનુષ્યો નિષ્કામ સમાજસેવાના અનન્ય સાધકો છે... એમની સૃષ્ટિમાં દિવ્યતા વિદ્યમાન છે. એમનું પ્રત્યેક કર્મ એમના શરીર કે મનને નહીં, પ્રાણને અને આત્માને ચિરંતન સુખ આપનારું હોય છે.

સંત બોનીફેસે આજીવન લોકોની સેવા કરી છતાં કદી કોઈ પાસે કશું માગ્યું નહીં. દિવસોના દિવસો એમને ઉપવાસ કરવા પડતા.

એકવાર એમને કેટલાય દિવસ સુધી કંઈ ખાવાનું ન મળ્યું. એક સ્ત્રી દૂધ દોહી રહી હતી. સંતને એવું લાગ્યું કે પોતાનામાં કંઈ પણ ન માગવાનો અહંકાર છે. તેથી તરત જ પેલી સ્ત્રી પાસે દૂધ માગ્યું.

પાસે જ ઊભેલાં એના પતિએ એને દૂધ આપવાની ના પાડી. સંત કોઈ પણ જાતના દુર્ભાવ્ય વગર આગળ વધ્યા. પરંતુ ભૂખ સહન ન થતાં જમીન પર ગબડી પડ્યા. ત્યાંથી એક ઝરણું ફૂટયું એવી લોકવાયકા છે... જે આજે પણ બોનીફેસ ઝરણાના નામની પ્રખ્યાત છે.

વૃક્ષોની જેમ સંતો પણ આપે છે... લેવાની અપેક્ષા હોતી નથી. એક ગીતની પંક્તિનો ભાવ નિષ્કામ સેવાસાધનાની વાતને ખૂબ સરસ રીતે રજૂ કરે છે... 'સેવા હૈ યજ્ઞકુંડ સમિધા સમ હમ જલેં, ધ્યેય મહાસાગરમેં સરિતરૂપે હમ મિલેં.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એક સાથે બે શિકાર પાછળ દોડનાર માણસ તેમાંના એકેયને પકડી શકતો નથી

## ચિંતન સભા

- હર્ષદરાય ઉપાધ્યાય

જેની પાસે કશો ઉદ્દેશ નથી તેવો માણસ આ વિશ્વમાં કયાંક પણ પોતાનું નામોનિશાન છોડી જતો નથી. મનુષ્યની ભીડમાં આવો માણસ કયાંક ખોવાઇ જાય છે. તે દુર્બળ, કાયર, અશક્ત કે ચંચળ બની પોતાના ચારિત્ર્યને ખોઇ બેસે છે.

ઉદ્દેશ્ય અગર લક્ષ્ય આપણા જીવનનું અતિ મહત્વનું પાયાનું લક્ષણ છે. એક જ મુખ્ય લક્ષ્ય રાખી તે પ્રાપ્ત કરવા સઘળાં પ્રબળ પ્રયત્નોથી જ મનુષ્ય અમરત્વને પામી શકે છે. શિકાર તરફ ફેંકાતા તીરને જો નિશ્ચિત લક્ષ્ય ઉપર ન ફેંકવામાં આવે તો કદી શિકાર થઇ શકતો નથી.

કોલંબસે પશ્ચિમ દિશામાં સતત વહાણો હંકાર્યા તો જ તે નિશ્ચિત મંજિલને પ્રાપ્ત કરી શક્યો. ગભરાટ અનુભવતા ખલાસીઓને પણ દિલાસો આપતો અને પોતાની જાતને સહેજ પણ નબળી ન પડવા દેનાર કોલંબસ આજે સૌને યાદ છે. એક જ લક્ષ્ય તરફ જવાના નિશ્ચયથી તેને સફળતા મળી.

જે વ્યક્તિ સફળતા પ્રાપ્ત કરવા માગે છે તેને પોતાની સમગ્ર શક્તિ તે કાર્યની પાછળ લગાવી દેવી જોઇએ. એક સાથે અનેક લક્ષ્ય રાખી જીવનાર કોઇ પણ લક્ષ્યને હાંસલ કરી શકતો નથી. મહાન વ્યક્તિઓના જીવનમાં ડોકયું કરવામાં આવે તો તરત જણાઇ આવશે કે તે સૌ એક નિર્ધારીત લક્ષ્યનો જ પીછો કરતા હતા. ઘણી વખત એવું બને છે કે ઘણા માણસો કોઇ ચોક્કસ ધ્યેય વગર ખૂબ મહેનતથી પ્રગતિ કરવા પ્રયત્ન કરતા હોય છે. પરંતુ તે બધા કરતાં તેમનાં કરતાં ઓછી બુધ્ધિ કે ક્ષમતાવાળા લોકો ચોક્કસ લક્ષ્યને વળગીને આગળ વધવા પ્રયત્ન કરે છે, તે ખૂબ વધુ પ્રગતિ કરી શકે છે. પુષ્કળ મુડી કે બુધ્ધિ હોવા છતાં વારંવાર વ્યવસાય બદલતા લોકો કરતાં એક નાનકડાં ધંધાને જ વળગી રહેનાર વધુ સફળ બની રહે છે.

ભયંકર વેગ ધરાવતું વાવાઝોડું પ્રચંડ અવાજ કરતું પસાર થાય છે અને ખડક ઉપરથી પસાર થાય છે છતાં કોઇ નિશાની પાછળ રહી શકતી નથી પરંતુ ધીમે પરંતુ એકધારા પડતા પાણીના ટીપાંથી ખડક પણ તૂટે છે અથવા માર્ગ કરી આપે છે. એક લક્ષ્ય અને તમામ શક્તિઓનું કેન્દ્રીકરણ સ્વયં અસાધારણ શક્તિ ઉત્પન્ન કરી શકે છે. પ્રખર સૂર્યનાં પ્રબળ કિરણો ભલે સતત ધરતી વરસ્યા કરે છતાં એક સામાન્ય લાકડાને પણ બાળી શકતાં નથી. કારણ કે શક્તિશાળી હોવા છતાં આ કિરણો એક લક્ષ્ય ઉપર પડતાં નથી. એથી ઉલ્ટું બિલોરી કાચ વડે એકત્ર કરાયેલાં કિરણો એક જ કેન્દ્ર ઉપર સ્થિર થાય તો પત્થર તો શું લોખંડને પણ પીગળાવી વરાળ બનાવી શકે છે. આમ વેરવિખેર શક્તિઓને એક જ અવિચળ લક્ષ્ય ઉપર અજમાવવામાં આવે તો અકલ્પ્ય પરિણામ હાંસલ કરી શકાય છે. ઇતિહાસમાં આનાં અનેક ઉદાહરણો જોવા મળે છે.

અર્જૂને મત્સ્યવેધ કર્યો ત્યારે તમામ શક્તિઓને એક જ લક્ષ્યમાટે ઉપયોગમાં લીધી. અને એકલવ્ય ગુરૂની પ્રતિભામાંથી પ્રેરણા મેળવી અસાધારણ શક્તિ પ્રાપ્ત કરી શક્યો. એક જ લક્ષ્ય વાળા માણસો સમાજમાં બહુ લોકચાહના પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ જયારે જગતને તે વ્યક્તિએ સિધ્ધ કરેલ બાબતોનો પરિચય થાય છે ત્યારે તે જ વ્યક્તિ સમાજમાં સન્માનીય બની જતી હોય છે.

યાદ રાખો, મિત્રો! જીવનમાં એવું કશું નથી જે પ્રાપ્ત કરવું અસંભવ હોય. હા, તેને માટે નક્કી ઉદ્દેશ અને યોગ્ય આયોજન અનિવાર્ય છે. માત્રને માત્ર પ્રયત્ન કે મહેનતથી ધારેલું પ્રાપ્ત થઇ શકતું નથી. લક્ષ્ય માટે જરૂરી છે. હોકાયંત્ર જેવું દિશાસૂચક, મધ્ય દરિયે ભટેકલું જહાજ ગમે તે દિશામાં હંકારવાથી કિનારો તો મળશે જ. પરંતુ તમને અને તમારા જહાજને અનુકૂળ અને લાભદાઇ કિનારો નહીં મળે.

ગમે તેવાં સંકટ, વિકટ પરિસ્થિતિ પણ ન ડગાવી શકે તેવાં શુભ સંકલ્પ સાથે યોગ્ય ધ્યેય માટે યોગ્ય આયોજન પૂર્વક આગળ વધો. જૂઓ તો ખરા, તમે શું પ્રાપ્ત કરી શકો છો. નેલોપિયને કહ્યું છે કે, "મારા શબ્દ કોષમાં અશક્ય જેવ શબ્દ નથી." કદાચ આ વાત આપણા સૌ માટે સમાન છે. જરૂર છે એક એવા વ્યક્તિની કે જેની પાસે છે લક્ષ્ય, આયોજન અને સ્થિર મન.

## સમજવા જેવું

સ્વીડન દેશ. સુંદર ને સ્વચ્છ દેશ. આ દેશના વતનીને સ્વીડીશ કહેવાય.

આ દેશના શહેર સ્ટૉકહૉમથી થોડે દૂરના ગામડામાં કેટલાંક સ્વીડીશ બાળકો જંગલમાં પિકનિકની મોજ માણવા નીકળ્યા હતાં.

ત્યાં એક તળાવ પાસે તેઓ થોભ્યાં, તેમાં ઉતર્યાં. ઠંડાગાર પાણીમાં તર્યાં. ખૂબ મજા મસ્તી કરી. આમ નાહ્યા પછી એ બધાં તળાવની બહાર આવ્યાં. નાસ્તો કરવા બેઠાં.

ભારતમાંથી સ્વીડનની મુલાકાતે ગયેલા જયંતભાઇ બાળકોની ગેલ ગમ્મત જોતા હતા. સ્વીડીશ બાળકોએ પોતપોતાના થરમૉસમાંથી ગરમાગરમ કૉફી કાઢી. લંચબોક્સમાંથી કાગળમાં વીંટાયેલી કેક બહાર લીધી.

કેક પર વીંટળાયેલા કાગળને દૂર કરીને બાળકો પોતાની પાસે રાખતાં જતાં હતાં. ઊડી જાય તો તેની પર કાંકરા મૂકી રાખે. કટકબટક




કરીને બાળકો ઊભાં થયાં. એમણે પેલા નકામા કાગળો હાથમાં લીધા.

જયંતભાઈએ પૂછ્યું, "વહાલાં બાળકો આ ગંદા કાગળો કેમ સાથે લીધા છે? હવે એ શું કામ લાગશે?"

'કંઇ કામના નથી. છે તો એ નક્કામા'

'તો તો પછી અહીં જંગલમાં ગંદુ થઇ જાય ને? કાગળો કે નકામી ચીજો તો કચરાપેટીમાં જ નંખાય.' 'પણ અહીં કચરાપેટી કયાં છે?'

'એટલે તો આ કચરો સાથે લઇ જઇએ છીએ. રસ્તે કચરાપેટી આવશે ત્યારે એમાં એ નાખી દઇશું.'

જયંતભાઇ કહે, 'આ તો છે તો અમારે ય સમજવા જેવું!'

## બાળ મિત્રો,


તમને ભણવાની સાથે સાથે રમવાનું પણ મળે તો કેવું ગમે? મજા આવે ને? તમારી ઉંમરના દરેક બાળકોને રમવાનું - ચિત્રો દોરવાનું - વાર્તાઓ વાંચવાનું ખૂમ ગમે.

હવે તમારી પાસે એવી કેટલીયે રમતો હશે - રમકડાં હશે જે રમી રમીને તમે થાકી ગયાં હશો. અને એવું થતું હશે કે હવે નવાં રમકડાં મળે તો સારું.

આવી ઈચ્છા બધાં જ નાનાં બાળકોને થાય. એટલે શું કરવાનું? પોતાનાં રમકડાં બીજા આપણા મિત્રોને રમવા આપવાનાં. એટલે એ બાળકો તમને પણ રમકડાં રમવા દેશે. એટલે હવે બધાંને ઘણાં બધાં જાત જાતનાં રમકડાં રમવા મળશે. વહેંચવામાં કેટલી બધી મજા છે એ તમને સમજાશે.

તો તમે હવેથી તમારી વસ્તુઓ બીજાને આપજો. એટલે એ બાળકો તમને તેમની વસ્તુઓ આપશે. અને ભાઇબંધી પાક્કી બની જશે. અને ભેગાં થઇને રમવાની ખૂબ ખૂબ મજા પડશે.

## રંગ પૂરીને શોધો



આ ચિત્રમાં જયાં ટપકાં કરેલાં છે તે ખાનામાં આછો રાખોડી રંગ પૂરશો તો બાળકોને બહુ જ ગમતા ચાર પગવાળા એ નાનકડાં પ્રાણીનું ચિત્ર દેખાશે.

## નારંગીની ફરિયાદ

નારંગી કહે મોસંબીને : માણસ માત્તર ખોટો,
બીજાંઓને દુઃખ દેવામાં મળે ન એનો જોટો!
ઝાડને ખોબેથી લઇ આવી આપણને રંજાડે,
ક્રૂર બની પીસી પીસીને તેલ આપણું કાઢે!
મોસંબી કહે : ના હું સમજું માણસની આ માયા
શા સારું એ કૂચા કરે છે પીસી આપણી કાયા!
બોલતાં બોલતાં રડી પડીએ : નસીબ મારું કાચું
જોર નથી, નહિ તો માણસનું ભાગી નાખું ડાચું!
શેરડી એને રોતી ભાળી બોલી - છાંના રહીએ,
મોસંબીબહેન ભલા થવાનું ફળ આ સમજી લઈએ!
મધુ સંઘર્યું તમે અંતર મધુ તમારી મતિ,
મધુ તમારો સંગ-રંગને મધુ તમારી ગતિ!
મધુ હશે તે લૂંટારાનું, માર વળી ખાવાનું,
મરીમરીને કૂચા થશે પણ, કટુ નહીં થાવાનું!
એ જ તમારું ભાવિ છે બહેન એ જ મારું પણ ભાવિ,
જીવતરને સાર્થક કરવાની એ જ એક ચાવી!


**- રમણલાલ સોની**

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

### ૨૦મી જુલાઇ

- તૈલચિત્રોના અનુરાગી, હિન્દી ભાષાના ઉચ્ચ કોટિનાં કલાકાર, સંસ્કૃત, ફારસી અને અરબી ભાષાના ઊંડા અભ્યાસી, 'ભારત કલા ભવનના સ્થાપક' પદ્મભૂષણ શ્રી રાયકૃષ્ણદાસજીની અવસાન તારીખ ૨૦-૭-૧૯૮૦.



- ૧૯૧૯ - સર એડમંડ હિલેરીનો જન્મદિન.
- ગુગલીમેલ્મો માર્કોની - વિજ્ઞાનને કલ્યાણ માર્ગનું સોપાન આપનારાનું ૧૯૩૭માં અવસાન.



- ભારતીય ફિલ્મ જગતના જાણીતા પાર્શ્વગાયિકા શ્રી ગીતા દત્તનું અવસાન.